અપની નિગાહ મેં હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના, તેરી પનાહમે હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૨૮ | ૨૭ ઓક્ટોબર, ૨૦૨૦, મંગળવાર; નિ. આસો સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બિહારમાં ભાજપ-જેડીયુ વચ્ચે મતભેદના સંકેત

**બિહારના પ્રથમ ચરણના મતદાન આડે ૩ દિવસ બાકી : ભાજપ હવે સુશાસન બાબુ તરીકે ઓળખાતા નીતિશના બદલે માત્ર વડાપ્રધાન મોદીના નામે મત માગવા ઇચ્છુક**



પટણા, તા. ૨૬

બિહાર વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કાના મતદાનને હવે ત્રણ જ દિવસ બાકી રહ્યા છે. જોકે, આ દરમિયાન ભાજપે રાજ્યમાં ઠેર-ઠેર મૂકેલા જંગી પોસ્ટર્સમાં મોદીની તસવીર મૂકીને નીતિશની બાદબાકી કરી નાખી છે. રાજકીય પંડિતોનું માનવું છે કે, ભાજપ સુશાસન બાબુ તરીકે ઓળખાતા નીતિશને બદલે હવે માત્ર મોદીના નામ પર જ વોટ માગવા ઈચ્છે છે. ભાજપે આજે બિહારના મોટાભાગના સ્થાનિક અખબારોમાં ફુલ પેજ એડ આપી છે. તેમાં પણ નીતિશ કુમાર ગાયબ છે. ૨૮ ઓક્ટોબરે મોદી બીજા તબક્કાના મતદાન પહેલા પ્રચાર માટે આવી રહ્યા છે, તે પહેલા જ ભાજપે લીધેલા આ નિર્ણયથી રાજકીય પંડિતો પણ જાતભાતની અટકળો લગાવવા માંડ્યા છે. ભાજપ દ્વારા ઠેર-ઠેર લગાવાયેલા આ પોસ્ટરમાં એનડીએની સરકાર બની તો કયા સાત મુદ્દા પર કામ કરવામાં આવશે તેનો ઉલ્લેખ કરાયો છે. જેમાં આઠમા મુદ્દામાં 'ભાજપા હૈ, તો ભરોસા હૈ'ને સ્થાન અપાયું છે.

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપે પીડીપીની ઓફિસ ઉપર રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો

**કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રીના નિવેદન સામે રોષ : જમ્મુના જુદા-જુદા વિસ્તારોમાં ત્રિરંગો ફરકાવવા રેલીઓ**

જમ્મુ, તા. ૨૬

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીના ત્રિરંગા પરના નિવેદન પર હોબાળો મચેલો છે. સોમવારે સવારે શ્રીનગરમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ શ્રીનગરમાં મહેબૂબા મુફ્તી વિરુદ્ધ પ્રદર્શન કર્યા. કુપવાડાના ભાજપા કાર્યકર્તાઓએ શ્રીનગરના પ્રખ્યાત લાલ ચોક પર ત્રિરંગો ફરકાવવાનો પ્રયત્ન કર્યો છે. લાલ ચોકના ક્લોક ટાવર પર કુપવાડાના ભાજપા કાર્યકર્તાઓ પહોંચ્યા હતા. પોલીસે વિરોધ પ્રદર્શન કરનારા ભારતીય જનતા પાર્ટીના ચાર કાર્યકર્તાઓની ધરપકડ કરી લીધી છે. ભાજપા તરફથી સોમવારના રોજ જમ્મુના અલગ-અલગ વિસ્તારમાં ત્રિરંગો ફરકાવવા માટેની રેલીઓ કાઢવામાં આવી હતી.




જમ્મુના અન્ય વિસ્તારોમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ પીડીપી કાર્યાલય પર ત્રિરંગો ફરકાવ્યો હતો અને ભારત માતાની જયના નારા લગાવ્યા હતા. આ અગાઉ રવિવારના રોજ પણ એબીવીપીના કાર્યકર્તાઓએ જમ્મુમાં

● અનુસંધાન પાન-૭ પર

## તમામ દેશવાસીઓને કોરોના વેક્સિન વિનામૂલ્યે અપાશે

**વિવાદ વકરતા મોદી સરકારના મંત્રી પ્રતાપ સારંગીનો વાયદો**

ન્યુ દિલ્હી,તા.૨૬

બિહાર વિધાનસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ પોતાના સંકલ્પ પત્રમાં મફતમાં કોરોના રસીની વચન આપ્યું છે. આ વચન બાદ દેશમાં એક અલગ પ્રકારની જંગ છેડાઈ છે. કેટલાંય વિપક્ષી દળ અને રાજ્ય સરકારોએ તેના પર પ્રશ્ન ઉભો કર્યો છે આ બધાની વચ્ચે કેન્દ્રીય મંત્રી પ્રતાપ સારંગીનું મોટું નિવેદન આવ્યું છે. કેન્દ્રીય મંત્રી પ્રતાપ સારંગીનું કહેવું છે કે માત્ર બિહાર નહીં પરંતુ દેશના દરેક નાગિરકને કોરોનાની રસી મફતમાં મળશે. ઓરિસ્સાના બાલાસોરમાં કેન્દ્રીય મંત્રી પ્રતાપ સારંગી એ કહ્યું કે પીએમ મોદી આ વાતને કહી ચૂકયા છે કે તમામને કોરોનાની રસી મફતમાં મળશે.

એક વ્યક્તિને રસી આપવાનો ખર્ચ પાંચસો રૂપિયા આવશે. બાલાસોરમાં પેટાચૂંટણી થવાની છે અને ત્યાં પ્રતાપ સારંગી પ્રચાર માટે ગયા હતા. આપને જણાવી દઈએ કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના નામે પોતાના સંબોધનમાં કોરોના રસી અંગે ચર્ચા કરી હતી. પીએમ એ કહ્યું હતું કે ભારતના વૈજ્ઞાનિક તેના

● અનુસંધાન પાન-૭ પર



## ભારત બાયોટેક કોવેક્સિન માટે જૂન ૨૦૨૧માં અરજી કરશે

**કોરોના વેક્સિનના ભારતમાં આગમનને લઈ આતુરતા : ભારત બાયોટેક સિવાય સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અને ઝાયડસ કેડિલા રસીની ટ્રાયલ પણ ચાલી રહી છે**

નવી દિલ્હી, તા. ૨૬

ભારત બાયોટેકને આશા છે કે તે જૂન ૨૦૨૧ સુધીમાં કોવાક્સિનને લઈને રેગ્યુલેટરી એપ્રુવલને માટે એપ્લાય કરી દેશે. કંપનીનો અંદાજ છે કે દેશમાં ચાલી રહેલી ટ્રાયલ્સમાંથી ડેટા કાઢવામાં ઓછામાં ઓછા છ મહિનાનો સમય લાગશે. ભારત બાયોટેકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સાઈ પ્રસાદે અમારા સહયોગી ઈકોનોમિક ટાઈમ્સ સાથે વાત કરતાં કહ્યું છે કે, કંપનીએ વેકસીનની તાત્કાલિક મંજૂરી અંગે સરકાર સાથે વાત પણ કરી નથી. હાલમાં કોવાક્સિનના ફેઝ ૧-૨ ક્લિનિકલ ટ્રાયલ્સ પૂર્ણ થઈ છે. ટૂંક સમયમાં ૨૬ હજારથી વધુ લોકો પર આ રસીના ત્રીજા તબક્કાની ટ્રાયલ શરૂ થશે. કંપનીએ કોરોના વાયરસ રસી પર ૪૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે, જેનો મોટાભાગનો ખર્ચ ટ્રાયલ્સ પર ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

ભારત બાયોટેકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સાઈ પ્રસાદે અમારા સહયોગી ઈકોમોનિક ટાઈમ્સને કહ્યું કે, 'ઈમરજન્સી મંજૂરી આપણા હાથમાં નથી. ભારતમાં ડ્રગ કંટ્રોલર્સ પાસે તે તમામ ડેટા છે જે અમારી પાસે છે અને તેઓ ઈચ્છે તો કોઈ પણ સમયે વેકસીનને ઈમરજન્સી એપ્રુવલ આપી શકે છે. સરકારે પણ સંકેત આપ્યો છે કેટલીક ઈન્ડસ્ટ્રીઝને જરૂર પડે તો સીધી વેકસીન ખરીદી શકે છે. તેથી આવા મુદ્દાઓ પર સરકારે જ નિર્ણય લેવો પડશે.'

સાઈ પ્રસાદે વધુમાં કહ્યું કે, ભારત જેવા મોટા દેશમાં કોઈપણ રસીની મોટી ટ્રાયલ જરૂરી છે. તેમણે કહ્યું, 'અમને લાગ્યું કે મોટાભાગની આંતરરાષ્ટ્રીય કંપનીઓ કરે છે તેવી જ રીતે આપણા કદના દેશમાં પણ મોટા પાયે (રસી) અસરોની ટ્રાયલ કરવી મહત્વપૂર્ણ છે. અમારા માટે રસીની સેફટી સૌથી વધુ મહત્વની છે.' તેમણે કહ્યું કે, જો કંપની ફેઝ ૩ ટ્રાયલ પૂર્ણ થવાની રાહ જોવે તો ફાઈનલ લાઈસન્સ આવતા વર્ષના બીજા ક્વાર્ટર સુધીમાં આવી શકે છે. ભારત બાયોટેક અનુસાર, કોવાક્સિનનો પ્રારંભિક ડેટા સારો રહ્યો છે. કંપની એ પણ શોધી રહી છે કે શું આ રસીમાંથી ઉત્પન્ન

● અનુસંધાન પાન-૭ પર

## ભારત-યુએસ સંરક્ષણ સહયોગ વિસ્તારવા ઉપર ભાર મૂકશે

**ભારત-અમેરિકાની મહત્વપૂર્ણ બેઠક : બન્ને દેશોના વિદેશમંત્રી અને સંરક્ષણમંત્રી વચ્ચે ભારતમાં વાટાઘાટો, પ્રથમ દિવસની વાતચીત સફળ રહ્યાનો દાવો**

નવી દિલ્હી, તા. ૨૬



સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે સોમવારે ભારતના હૈદરાબાદ હાઉસ ખાતે યુએસ સંરક્ષણ પ્રધાન માર્ક એસ્પર સાથે મુલાકાત કરી. હૈદરાબાદ હાઉસ ખાતે બંને દેશોના પ્રતિનિધિમંડળ વચ્ચે વાટાઘાટો થઈ હતી, જેના માટે સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું, 'યુએસ સંરક્ષણ પ્રધાન માર્ક એસ્પરના આગમનથી ભારત ખુશ છે, આજે અમારી વાટાઘાટો સફળ રહી. બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગને વ્યાપક સ્તરે લઈ જવાના ઉદ્દેશ્ય સાથે આ વાટાઘાટો કરવામાં આવી હતી. આજની વાટાઘાટો આપણા સંરક્ષણ સંબંધો અને પરસ્પર સહયોગમાં એક નવો રંગ ઉમેરશે. વિદેશ પ્રધાન એસ. જયશંકરે મંગળવારથી ભારત-અમેરિકા સાથે શરૂ થનારા બે-વત્તા બે દિવસીય વાટાઘાટ પૂર્વે પોતાના સમકક્ષ માઈક પોમ્પિયો સાથે વાતચીત કરી હતી. સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને યુએસ સંરક્ષણ પ્રધાન માર્ક એસ્પર એ સંતોષ વ્યક્ત કર્યો છે કે મુલાકાત દરમિયાન બીઈસીએ, બેઝિક એક્સચેંજ અને સહકાર કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે.

## કંગના રનૌત અને ઉદ્ધવ ઠાકરે વચ્ચેનો વિવાદ વકર્યો

મુંબઈ, તા. ૨૬

એક્ટ્રેસ કંગના રનૌત અને શિવસેના વચ્ચે વાક્યુદ્ધ અટકવાનું નામ નથી લઈ રહ્યું છે. છેલ્લા ઘણા દિવસોથી કંગના અને મહારાષ્ટ્ર સરકાર વચ્ચે તાણ ચાલી રહી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ નામ લીધા વિના કંગના પર પ્રહાર કર્યો છે તો આખા બોલી એક્ટ્રેસે તો નામ દઈને જ પલટવાર કર્યો છે. ઉદ્ધવ ઠાકરેએ પોતાના નિવેદનમાં કંગનાને 'નમક હરામ' કહી હતી ત્યારે એક્ટ્રેસે ટ્વિટ કરીને જવાબ આપ્યો છે.હકીકતે એક દિવસ પહેલા રવિવારે દશેરા રેલીને સંબોધતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું- મહારાષ્ટ્ર સરકાર, મુંબઈ પોલીસ અને ઠાકરે પરિવાર ખાસ કરીને આદિત્ય ઠાકરે પર ખોટા આક્ષેપો મૂકવામાં આવ્યા છે.

## છેલ્લે... છેલ્લે...

- બાંગ્લાદેશમાં માસ્ક નહિ પહેરતા નાગરિકોને કોઈ સરકારી સેવા અપાશે નહિ.
- મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજીત પવારને બ્રિચકેન્ડી હોસ્પિટલમાં કોરોનાની સારવાર માટે દાખલ કરાયા.
- ધંધુકાના પૂર્વ ધારાસભ્ય લાલજી મેર પુનઃ ભાજપમાં જોડાયા.
- કરજણની જાહેર સભા બાદ મિડિયા સંબોધન સમયે નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ પર ચંપલ ફેંકાયું.
- દિવાળી અને છઠ્ઠ પૂજા માટે ૨૦ ઓક્ટબારથી ૩૦ નવેમ્બાર દરમિયાન ફેસ્ટીવલ ટ્રેન દોડાવાશે
- ગીરનાર રોપ-વેની ટિકિટમાં ઘટાડો કરવા માંગ

## પૂર્વ કેન્દ્રીય મંત્રીને સીબીઆઈ કોર્ટે ૩ વર્ષ જેલની સજા ફટકારી

**કોલસા કૌભાંડમાં સજા ફટકારવામાં આવી**

નવી દિલ્હી,તા.૨૬

પૂર્વ કેન્દ્રિય મંત્રી દિલીપ રેને કોલસા કૌભાંડ સાથે જોડાયેલા એક કેસમાં ત્રણ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે.



દિલ્હીની એક સ્પેશ્યલ સીબીઆઈ કોર્ટે ૧૯૯૯માં ઝારખંડમાં કોલસા બ્લોકની ફાળવણીમાં કથિત અનિયમિતતાને લઈને આ ચૂકાદો આપ્યો છે. કોર્ટે આ મામલામાં હાલમાં જ દોષી મળી આવેલા અન્ય બે આરોપીઓને પણ ત્રણ વર્ષની જેલની સજા ફટકારી છે. મામલામાં સીબીઆઈ તરફથી પૂર્વ કેન્દ્રિય મંત્રી માટે ઉંમરકેદની સજાની માગણી કરાઈ હતી. સજા પર સુનાવણી ૧૪મી ઓક્ટોબરે ખતમ થશે. દિલીપ રે ૧૯૯૯માં અટલ બિહારી સરકારમાં રાજ્યમંત્રી હતા. રાઉજ એવન્યૂ કોર્ટમાં સ્પેશ્યલ જજ ભરત પરાશરે દિલીપ રેને ૬ ઓક્ટોબરે દોષી જાહેર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, આ લોકોએ કોલસા બ્લોકની ફાળવણી અને ખરીદીને લઈને એક ષડયંત્ર રચ્યું હતું. આ મામલે ૧૯૯૯માં કોલસા મંત્રાલયની ૧૪મી સ્ક્રીનિંગ કમિટી દ્વારા કેસ્ટ્રન ટેકનોલોજી લિમિટેડના પક્ષમાં ઝારખંડના ગિરિડીહ જિલ્લામાં ૧૦૫.૧૫૩ હેક્ટર કોલસા ખાણની ફાળવણીથી સંબંધિત છે.

## બ્રિટનમાં બીજીથી વેકિસન લગાવવાની તૈયારીઓ શરૂ

**ઓક્સફર્ડની કોરોના વાયરસ માટેની આ વેક્સિનને મહામારીના નાશ માટે ગેમ ચેન્જર સાબિત થઇ શકે છે**

લંડન, તા. ૨૬

બ્રિટનમાં હૉસ્પિટલોને કોરોના વાયરસ વેક્સિન લગાવવા માટે તૈયારીઓ શરુ કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યા છે. હૉસ્પિટલોના સ્ટાફને કહેવામાં આવ્યું છે કે જલદી તેમને ઑક્સફોર્ડ યૂનિવર્સિટીની કોરોના વાયરસ વેક્સિનનો પહેલો જથ્થો સોંપી દેવામાં આવશે. હૉસ્પિટલોને કહેવામાં આવ્યું છે કે તેઓ ૨ નવેમ્બરથી શરૂ થઈ રહેલા અઠવાડિયાથી કોરોના વાયરસ વેક્સિનને લગાવવાની તૈયારી શરૂ કરી દે. ઑક્સફોર્ડની કોરોના વાયરસ વેક્સિનને આ મહામારીના નાશ માટે ગેમચેન્જર માનવામાં આવી રહી છે.

અત્યાર સુધી ટ્રાયલમાં આ વેક્સિનના પ્રભાવશાળી પરિણામ સામે આવ્યા છે. કોરોના વાયરસથી અત્યાર સુધી ૧૧ લાખ ૫૦ હજાર લોકો માર્યા ગયા છે. તો દુનિયાભરની અર્થવ્યવસ્થા પણ તબાહીના સ્તર પર પહોંચી ગઈ છે. માનવામાં આવી રહ્યું છે કે ઑક્સફોર્ડ, ફાઈઝર અને બાયોટેકની કોરોના વાયરસ વેક્સિનને જલદી મંજૂરી મળી જશે.

ઑક્સફોર્ડની કોરોના વાયરસ વેક્સિનને AZD1222 Or ChdOx1 nCoV-19 નામ આપવામાં આવ્યું છે. આને ઑક્સફોર્ડ યૂનિવર્સિટીએ એસ્ટ્રાજેનેકા સાથે મળીને તૈયાર કરી છે. બ્રિટનનું નેશનલ હેલ્થ સિસ્ટમ ક્રિસમસ સુધી દેશમાં ૫ જગ્યાએ વેક્સિન લગાવવાની સુવિધા આપી રહ્યું છે. આ માટે એનએચએસના હજારો કર્મચારી આ જગ્યાએ તૈનાત કરવામાં આવશે. દરરોજ ઓછામાં ઓછા ૧૦ હજાર લોકોને કોરોનાની રસી આપવાની યોજના છે.

રિપોર્ટ પ્રમાણે રસીકરણ દરમિયાન કોરોના વાયરસ સંક્રમણથી સૌથી વધારે ખતરાનો સામનો કરી રહેલા લોકોને સૌથી પહેલા બોલાવવામાં આવશે. કોરોનાની રસી લગાવવા માટે લીડ્સ, હલ અને લંડનમાં સેન્ટર બનાવવામાં આવશે. આ કેન્દ્રો પર ટ્રેઈની નર્સ અને પેરામેડિક્સને તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત મોબાઈલ યૂનિટને પણ તૈયાર કરવામાં આવશે, જે જરૂરિયાતમંદ લોકો અને કેયર હોમ્સ સુધી જશે. બ્રિટનની સરકારે વેક્સિનને પરવાનગી મળવાથી પહેલા જ ૧૦ કરોડ ડોઝના ઑર્ડર આપી દીધા છે. ઑક્સફોર્ડની વેક્સિનને એક વ્યક્તિએ બે વાર લગાવવાની હશે.


